भारतीय गैर न्यायिक

एक सौ रुपये — Rs. 100

रु. 100 — ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT N 972762

નંબર: ૧૧૧૨૩ રૂ.૧૦૦/-

તારીખ : ૧૮/૦૧/૨૦૧૦ વતી ભરતભાઈ. આર. [illegible]

લેનારનું નામ : રાકેશભાઈ રતીલાલ પટેલ

સરનામું : પ્લોટ નં. ૨૮૬/૪, સેક્ટર-૨૮, ગાંધીનગર

ગાંધીનગર જિ. કો. કિ. કોર્ટના

સ્ટેમ્પવેન્ડર લા. નં. ૧૨/૯૭

એમ. આઈ. ઘાંચી

લેનારની સહી

## <u>ટ્રસ્ટ ડીડ</u>

### કર્મ કેળવણી ટ્રસ્ટ

આ ટ્રસ્ટ સ્થાપનાનો દસ્તાવેજ " ટ્રસ્ટ ડીડ" આજ તા.:૧૮/૧/૨૦૧૦ ના રોજ અમો એક તરફવાળા રાકેશભાઈ રતીલાલ પટેલ, ઉંમર વર્ષ પુખ્તવયના, રહે :– પ્લોટ નં.૨૮૬/૪, સેકટર–૨૮, ગાંધીનગરના જેમને હવે પછી સેટલર તરીકે ઓળખવામાં આવશે.

N. K. Trivedi R. [illegible] B. Rajput

**બીજી તરફવાળા :–**

૧) રાકેશભાઈ રતીલાલ પટેલ, ઉંમર વર્ષ પુખ્તવયના, રહેઃ – પ્લોટ નં.૨૮૬/૪, સેકટર–૨૮, ગાંધીનગર

૨) ધર્મેન્દ્રભાઈ બાબુલાલ પટેલ, ઉંમર વર્ષ પુખ્તવયના, રહેઃ – ૪૯, આનંદનગર, સેકટર–૨૭, ગાંધીનગર

૩) નયનકુમાર કાંતીલાલ ત્રિવેદી, ઉંમર વર્ષ પુખ્તવયના, રહેઃ – પ્લોટ નં.૩૧/૨, સેકટર–૩/એ, ગાંધીનગર

૪) સંજયકુમાર છગનલાલ સુખડીયા, ઉંમર વર્ષ પુખ્ત વયના, રહેઃ–૮, સિધ્ધિવિનાયક બંગલો, મુ.પો.પેથાપુર, તા.જી.ગાંધીનગર

૫) બલવંતસિંહ લક્ષ્મણસિંહ રાજપુત, ઉંમર વર્ષ પુખ્ત વયના, રહેઃ–પ્લોટ નં. ૧૦૫૦/૨, સેકટર–૬/સી, ગાંધીનગર

ની વચ્ચે એક ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના માટે આ ટ્રસ્ટડીડ ઘડવામાં આવે છે.સેટલર અને અમારી સહી કરી જાહેર કરીએ છીએ કે, આ ટ્રસ્ટડીડથી અમલમાં આવનાર ટ્રસ્ટ ફેરવી ના શકાય તેવુ, ચેરીટેબલ હેતુઓવાળુ રહેશે.

આ ટ્રસ્ટડીડના સેટલર રાકેશભાઈ રતીલાલ પટેલ પોતાની આગવી સ્વપાજીત મીલ્કતમાંથી રુપિયા ૧૫૫૧/– (અંકે રુપિયા એક હજાર પાંચસો એકાવન પુરા) રોકડા પુરા જુદા કાઢીને આ ટ્રસ્ટને અર્પણ કરે છે. આ રકમ ઉપર હવે પછી તેમનો કે તેમના વંશવાલી, વારસોનો કોઈ લાગભાગ, હકક હીસ્સો, કે અધિકાર રહેશે નહી. અને તે ટ્રસ્ટની મીલ્કત ગણાશે. આ મીલ્કત બીજી તરફવાળા ટ્રસ્ટડીડની રાહે ટ્રસ્ટની મીલ્કત તરીકે સ્વીકાર કરી તેમની સંમતીની સહીઓ આ દસ્તાવેજ હેઠળ કરેલ છે.

આ દસ્તાવેજથી અમલમાં આવનાર ટ્રસ્ટનુ નામ હેતુ અને ટ્રસ્ટીઓ નિમવાની રીત તેમજ આ ટ્રસ્ટના હેતુઓ બર લાવવા માટેની વ્યવસ્થા, શરતો અને નિયમો નીચે મુજબ રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | **ટ્રસ્ટનું નામ** | :– | **કર્મ કેળવણી ટ્રસ્ટ** |
| ૨. | **આ ટ્રસ્ટનુ કાર્યાલય** | :– | પ્લોટ નં.૨૮૬/૪, સેકટર–૨૮, ગાંધીનગર |
| ૩. | **આ ટ્રસ્ટનુ કાર્યક્ષેત્ર** | :– | સમગ્ર ભારત દેશ રહેશે. જરૂર જણાશે વિશ્વ સ્તરે તેનો ફેલાવો કરશે. |

૪. **હેતુઓ :–**

૧. ગુણવત્તા અને સત્વવાળુ શિક્ષણ આપવુ તથા સંસ્કૃતિથી વિદ્યાર્થીઓનુ ઘડતર કરવું.

૨. બૌધ્ધિક, કૌશલ્યો અને ચારિત્ર્ય ઘડતર કરવા માટે શૈક્ષણીક ટ્રસ્ટઓ ખોલવી અને સારી રીતે ચલાવવી.

૩. શાળાઓ, કોલેજો, ઉચ્ચ અભ્યાસ માટે છાત્રાલયો, એન.સએસ. એન.એસ.સી.ની પ્રવૃત્તિઓ, ધર્મશાળા, દવાખાના, હોસ્પીટલ, કોમ્પ્યુટર કેન્દ્રો, સંશોધન કેન્દ્રો, તાલીમ કેન્દ્ર, આશ્રમશાળા, વ્યાયામ શાળા, પુસ્તકાલય વગેરે સ્થાપના અથવા બંધાવવા.

૪. વિદ્યાભ્યાસ માટે રાજય બહાર અને પરદેશ જવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યા સ્કોલરશીપ અથવા વ્યાજથી અગર વગર વ્યાજથી લોન આપવી.

૫. સમાજની પ્રવૃત્તિ માટે વૈજ્ઞાનિક, ટેકનીકલ, કૃષિ વિષયક શૈક્ષણિક સંશોધનો કરવા, સાર્વજનિક ટ્રસ્ટઓના નિભાવમાં મદદ કરવી.

૬. રાષ્ટ્રીય મુલ્યોની માવજત કરવી અને વિદ્યાર્થીઓમાં આ ગુણો સંક્રાંત કરવા.



N.K. Trivedi R. Patel B L Rajput

૭. સામાજીક, નૈતિક, માધ્યમિક, સાંસ્કૃતિક અને શૈક્ષણીક ઉન્નતિ માટે ઉપયોગી મેગેઝીન, પુસ્તકોનુ પ્રકાશન કરવુ.

૮. ગૌશાળા, કૃષિ સંશોધન અને ખેડુત તાલીમ કાર્યક્રમ કરવા, વનીકરણ, જીવદયાના કાર્યક્રમો, પાણીના સંગ્રહ કરવા, શોષ કુવા, કુવા રીચાર્જ કરવા, નાના ચેકડેમ, ખેત તલાવડી વિગેરે કાર્યો કરવા ખેડુતોને પ્રોત્સાહન આપવામાં કાર્યક્રમ કરવા.

૯. આ ટ્રસ્ટ સમગ્ર ગુજરાત રાજય તથા ભારત દેશમાં વસતા માનવ જાતના કલ્યાણ માટે કાર્યશીલ રહેશે.

૧૦. આ ટ્રસ્ટમાં નાત, જાત, ધર્મ, કોમ, ઉચનીચના ભેદભાવ સિવાય સમાજના વ્યકિતઓના હિતમાં અસ્તિત્વમાં આવેલ છે.

૧૧. આ ટ્રસ્ટ કેળવણીની ઉત્તમ પ્રણાલીકાઓને અનુસરીને કેળવણીના ક્ષેત્ર સઘળા કાર્ય તથા પ્રવૃત્તિઓ કરવાનુ રહેશે.

૧૨. આ ટ્રસ્ટ કેળવણી વિષયક પ્રણાલીકાઓને અનુસરીને પ્રવૃત્તિઓ કરવાનુ તેમજ આ પ્રવૃત્તિઓ માટે મકાનો ખરીદવા, બાંધવા કે ભાડે રાખવા તેમજ જરૂરી સાહીત્ય, સામાયીકો પ્રગટ કરવાની પ્રવૃત્તિ હાથ ધરવી.

૧૩. આ ટ્રસ્ટ દરેક વ્યકિતમાં ઉચ્ચ સંસ્કારોનુ સિંચન થાય તે માટે જ્ઞાનના પ્રચાર અને પ્રસાર અર્થે આંગણવાડી, બાલમંદીર, પ્રાથમિકથી લઈ ઉચ્ચ માધ્યમિક શાળા, આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજો સંસ્કૃત પાઠશાળા, વિદ્યાપીઠો, આયુર્વેદ કોલેજો, ઈજનેરી કોલેજો, પી.ટી.સી. કોલેજ, પ્રૌઢ શિક્ષણના વર્ગો, ઘોડીયા ઘર, રાત્રી શિક્ષણના કુમાર કન્યા શાળાઓ, સ્કુલ તથા મહીલા કોલેજો, આશ્રમશાળાઓ, સૈનિક સ્કુલ, બહેરા–મુંગા શાળાઓ, અંધ શાળાઓ સ્થાપવી ચલાવવી અને નિભાવવી.

૧૪. ટ્રસ્ટના ઉપક્રમે કોમ્યુનીટી હોલ, પ્રાર્થના હોલ, સાંસ્કૃતિક ભવનો બાંધવા તથા નિભાવવા.

૧૫. વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવા તેમજ કેળવણીના પ્રચાર અને પ્રસાર અર્થે વિદ્યાર્થીઓને પુસ્તકોરૂપે, શિષ્યવૃતિરૂપે શૈક્ષણીક ખર્ચરૂપે સહાયતા આપવી. ઉચ્ચ અભ્યાસ માટે મદદ આપવી અને ટ્રસ્ટની મર્યાદામાં રહીને કેળવણીની પ્રવૃત્તિ કરવી.

૧૬. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલયો સ્થાપવા ચલાવવા અને નિભાવવા તેમજ મેગેઝીન અને તેને લગતી આનુસાંગીક પ્રવૃત્તિઓ ચલાવવી અને નિભાવવી.

૧૭. ટ્રસ્ટના ઉપક્રમે અન્ન ક્ષેત્રો સ્થાપવા, બાંધવા, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ભોજનની વ્યવસ્થા પુરી પાડવી તેમજ પગપાળા નીકળેલા યાત્રિકો, સંઘોને મફત ચા–નાસ્તો, ભોજન, ગરમ પાણીની વ્યવસ્થા આપવી તેને લગતી તમામ આનુસાંગીક પ્રવૃત્તિઓ ચલાવવી–નિભાવવી.

૧૮. આ ટ્રસ્ટ જ્ઞાનના પ્રચાર અને પ્રસાર અર્થે જ્ઞાન શિબિરો, ટયુશન વર્ગો, વ્યાખ્યાનો, પ્રવચનો અને મેળાવડાઓનુ આયોજન કરવુ/કરાવવુ.

૧૯. ટ્રસ્ટના ઉપક્રમે સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતી સ્વરોજગારીની પ્રવૃત્તિઓની મેળવી અને સમાજના લોકોને વિના મૂલ્યે તે માહિતી પુરી પાડી વાકેફ કરવા.

૨૦. મહીલાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ રોજગારલક્ષી તાલીમ કેન્દ્રો ખોલવા, તાલીમ પુરી પાડવી અને તેને લગતાં પ્રકાશનો બહાર પાડવા, તેના માટે વ્યાખ્યાનો કરવા.

૨૧. રમતગમતની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે સ્પોર્ટસ કલબ, અને હેલ્થકલબો સ્થાપવી ચલાવવી અને નિભાવવી, રમત ગમત શારીરિક વિકાસ માટેના આધુનિક સાધનો વસાવવા અને તેનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરતા/કરાવતા શીખવવુ.

૨૨. આ ટ્રસ્ટની મર્યાદામાં રહીને અબોલ પશુઓ જેમ કે ગાય વગેરે માટે ગૌશાળા ચલાવવી, ઘાસચારા ડેપો, ખાણ દાણ, દવા તથા કેટલ કેમ્પો, પશુ દવાખાનાની વ્યવસ્થા કરવી, બનવવા અને સંચાલન કરવું.



N.K. Trivedi

૨૩. પ્રકૃતિ પ્રકોપ જેવા કે આગ, અતિવૃષ્ટિ, ભૂકંપ અને દુષ્કાળ વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનીના પ્રસંગે જરૂરી એવા કાર્યો હાથ ધરવા, અસરગ્રસ્તોને સહાયતા કરવી, અસરગ્રસ્તોને ટેન્ટ, ધાબળા, કપડા, અન્ય, વાસણો, કાચુ અનાજ, પાણી દવા વગેરે પુરા પાડવા, જરૂરિયાત કુટુંબને નાણાકીય સહાય કરવી.

૨૪. યુવાનો અને યુવતીઓ જ્ઞાન, વિજ્ઞાન, કલા, કાલીગરી, સંગીત, સાહીત્ય, સંસ્કૃતિક, દેશ વિદેશના નાગરિકો જોડે આંતર રાષ્ટ્રીય જ્ઞાન શિબિરો તેમજ પત્રો લખવા પ્રયત્નો કરવા.

૨૫. કન્યા કેળવણી માટે શાળાઓ, સ્કુલ, મહીલા કોલેજો, મહીલા છાત્રાલયો શરૂ કરવા તેમજ તેનુ સંચાલન કરવુ અને નિભાવવુ, અનાથ કે વૃધ્ધ સ્ત્રીઓ, શોષિત કન્યાઓ, વિધવા, ત્યકતા નિરાધાર સ્ત્રીઓ માટે વિકાસગૃહોના વર્કિંગ સારૂ છાત્રાલય સ્થાપવા, તેમના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કરવી.

૨૬. બાળકોમાં નેતૃત્વ, રાષ્ટ્ર ભકિત અને ભુતકાળ કેળવાય તે માટે યોગ્ય સલાહ, માર્ગદર્શન અને તાલીમ આપવા માટે આયોજન કરવુ.

૨૭. વિદ્યાર્થીઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર પ્રશિક્ષણના વર્ગો ચાલ કરવા, વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર પ્રશિક્ષણ આપવુ અને જરૂરી તાલીમ આપવી તેમજ કોમ્પ્યુટર શિક્ષણને લગતી તમામ પ્રવૃત્તિ કરવી.

૨૮. મહીલાઓના વિકાસ માટે ગૃહઉદ્યોગો, ટાઈપ કલાસ, સિવણના વર્ગો, ટયુશન કલાસ, ફાઈન આર્ટ, ભરત–ગુંથણના વર્ગો ચાલુ કરવા જરૂરી સાધનો જગ્યા, મટીરીયલ્સ, કાચો માલ, ફર્નિચર, ઈલેકટ્રીક સાધનો વસાવવા અને ભાડે રાખી કામ ચલાવવુ તેમજ તાલીમ આપવી.

૨૯. ઘરડા, અપંગ, નિરાધાર, તરછોડાયેલા, દબાયેલા, ગરીબ માનવ ......... ઉન્નત મસ્તકે સમાજમાં જીવી શકે તે માટે આશ્રમો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા.

૩૦. જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજના લોકો માટે દવાખાના હોસ્પીટલો, નર્સિંગ હોમ, કન્સલટીગરૂમ, લેબોરેટરી, હેલ્થ સેન્ટરો, બ્લડ બેન્કો, ચક્ષુ કેન્દ્ર, યોગ–સાધના કેન્દ્રો વિગેરે સ્થાપવા, ચલાવવા અને આવી સેવા માટે સહાય કરવી. લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં પુરી પાડવી.

૩૧. ગરીબ અને આર્થિક કમજોર માણસોની દવા, ઓપરેશન, બ્લડ અને જરૂરિયાત મુજબ ટ્રસ્ટની મર્યાદામાં રહીને જરૂરી સહાય કરવી. અશિક્ષિત, શારીરિક અશકત, અંધ, મંદબુધ્ધિ, બહેરા–મુંગાની આજીવિકા પુરી પાડવી. અપંગોને ટ્રાયસીકલ, અંધજનોને ચક્ષુદાન, બધિરજનોને સાંભળવા માટેના મશીનો વગેરે પુરા પાડવા.

૩૨. આ ટ્રસ્ટના ઉદ્દેશો, હેતુઓ અને પ્રવૃત્તિઓ પરીપુર્ણ કરવા માટે તમામ પ્રવૃત્તિઓ કરવી, ટ્રસ્ટીઓ ના હોય તેવા માણસોની સલાહ સમિતિ કે કમીટીઓ બનાવવી.

૫. <u>અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત</u> :–

આ ટ્રસ્ટમા ઓછામા ઓછા ત્રણ અને વધુમાં વધુ પંદર ટ્રસ્ટીઓ રહેશે. આ ટ્રસ્ટના પ્રથમ ટ્રસ્ટીઓ તેમજ હવે પછી નિમાનાર તમામ ટ્રસ્ટીઓ આજીવન રહેશે. સિવાય કે ટ્રસ્ટીઓમાંના કોઈના મૃત્યુ ,રાજીનામા કે અન્ય કોઈપણ કારણસર જગ્યા ખાલી પડે તો બાકી રહેલા ટ્રસ્ટીઓ આવી જગ્યાઓ બહુમતીથી પુરશે. ટ્રસ્ટીઓ વધારાના ટ્રસ્ટીઓની નિમણૂક પણ બહુમતીથી મહત્તમ મર્યાદાને આધીન રહીને પુરશે. ટ્રસ્ટીઓના રાજીનામા બાકીના ટ્રસ્ટીઓ મંજુર કરશે. ટ્રસ્ટી મંડળ પોતાનામાંથી એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, એક મંત્રી, બે સહમંત્રી, ની સર્વાનુમતે નિમણુંક કરશે.

N.K.Trivedi          B.L.Rajput

**પ્રથમ ટ્રસ્ટીઓ :–**

| | | |
|---|---|---|
| ૧ ) | રાકેશભાઈ રતીલાલ પટેલ | ટ્રસ્ટી/ પ્રમુખ |
| ૨) | ધર્મેન્દ્રભાઈ બાબુલાલ પટેલ | ટ્રસ્ટી/ ઉપપ્રમુખ |
| ૩) | સંજયકુમાર છગનલાલ સુખડીયા | ટ્રસ્ટી/ મંત્રી |
| ૪) | નયનકુમાર કાંતીલાલ ત્રિવેદી | ટ્રસ્ટી/ સહમંત્રી |
| ૫) | બલવંતસિંહ લક્ષ્મણસિંહ રાજપુત | ટ્રસ્ટી/ સહમંત્રી |

૬. **હોદ્દેદારોની સત્તા અને ફરજો :**

અ. **પ્રમુખ ::**

(૧) ટ્રસ્ટના તમામ મિલ્કતના કાયદેસરના વહીવટકર્તા ગણાશે.

(૨) ટ્રસ્ટનો વહીવટ સંભાળવા અને ચલાવવા મંત્રીને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપશે.

(૩) ટ્રસ્ટના ઉદ્દેશોની સિધ્ધિ અર્થે પ્રવૃત્તિઓ અંગેનું આયોજન કરશે.

(૪) ટ્રસ્ટએ આપેલા અધિકારો મુજબ નાણાંકીય લોન, સહાય, મિલ્કતનાં દસ્તાવેજ, કરાર વિગેરે કરી શકશે.

(૫) ટ્રસ્ટી મંડળનાં અધિકારો મુજબ તમામ કાર્યો મંજુરીની અપેક્ષાએ કરી શકાશે તેમજ સમયનાં બાધ સિવાય ટ્રસ્ટી મંડળની મિટીગ બોલાવી શકાશે.

(૬) કોઈ સમયે મીટીગમાં સરખા મત પડે તો તેવા સમયે પ્રમુખને કાસ્ટીગ વોટ આપવાનો અધિકાર રહેશે.

બ. **ઉપપ્રમુખ :–**

પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ તરીકેની કામગીરી બજાવશે. તથા પ્રમુખને તેમના કાર્યોમાં મદદરૂપ બનશે.

ક. **મંત્રી ::**

(૧) ટ્રસ્ટી મંડળ અને પ્રમુખના આદેશ અને માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટનું તમામ કાર્યો કરશે.

(૨) ટ્રસ્ટની મિલ્કતોનો વહીવટ કરશે. ટ્રસ્ટ વતી પોતાની સહીથી પત્ર વ્યવહાર કરશે.

(૩) ટ્રસ્ટના હેતુ અને ધ્યેય મુજબ ટ્રસ્ટી મંડળની સુચના અને આદેશ મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરશે અને તેનું સંચાલન કરશે.

(૪) ટ્રસ્ટના તમામ હિસાબો રાખશે, ઓડિટ કરાવશે તથા ટ્રસ્ટી મંડળમાં મંજુરી માટે રજૂ કરશે.

(૫) ટ્રસ્ટી મંડળએ આપેલા અધિકારો મુજબ નાણાંકીય સહાય, મિલ્કતો તથા દસ્તાવેજો કરાર વિગેરે કરી શકાશે.

(૬) ટ્રસ્ટી મંડળની મિટીગ બોલાવવા અને તેની નોટિસો કાઢવી અને તેની નોંધ રાખવી.

(૭) સંસ્થાની આવક પહોંચ આપશે અને ખર્ચના વાઉચરો મેળવશે અને એકાઉન્ટ હિસાબો વ્યવસ્થિત રીતે રાખશે.પ્રમુખ તથા મહામંત્રી તરફથી સોંપવામા આવેલ તમામ કાર્યો કરશે.



N.K. Trivedi

B.L. Rajput

૬. <u>સહમંત્રી :–</u>

મંત્રીની ગેરહાજરીમાં મંત્રી તરીકેની તમામ ફરજો બજાવશે. પ્રમુખ તથા મંત્રી તરફથી સોંપવામા આવેલ તમામ કાર્યો કરશે.

૭. **<u>ટ્રસ્ટની મીલ્કત અંગે</u>:–**

ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મીલ્કતો ટ્રસ્ટની ગણાશે. અને ટ્રસ્ટ વતી જે તે વખતના ટ્રસ્ટીઓમાં સંપ્રાપ્ત થશે. તેમજ ટ્રસ્ટની મીલ્કતોના વહીવટ અંગે સર્વાનુમતે નિર્ણય લેશે.

૮. **<u>ટ્રસ્ટીમંડળની સત્તા અને ફરજો</u> :–**

૧. જે તે વખતના પ્રવર્તમાન કાયદા મુજબ ટ્રસ્ટની સ્થાવર મીલ્કત વેચી શકશે, ગીરો મુકી શકશે, બક્ષીસ આપી શકશે તેમજ કાયદેસર ટ્રાન્સફર કરી શકશે.
૨. જે તે વખતના કાયદાને આધીન રહીને નાણાંનું રોકાણ કરશે.
૩. આ ટ્રસ્ટના હિસાબો અને અંદાજપત્રની ચકાસણી કરી મંજુરી અંગે નિર્ણય કરશે.
૪. કોઈપણ ટ્રસ્ટીએ આ ટ્રસ્ટના કામે પોતાના નાણાંમાંથી ખર્ચ કરેલ હશે તો ખર્ચની રકમ યોગ્ય પુરાવા રજુ કરી ટ્રસ્ટ પાસેથી લેવાને તેઓ હકકદાર રહેશે.
૫. આ ટ્રસ્ટના કામકાજ માટે કર્મચારીની નિમણુક કરશે અને તેમને છુટા પણ કરી શકશે.
૬. કર્મચારીના પગાર, ઈજાફા તથા રજાઓ નકકી કરશે.

૯. **<u>ટ્રસ્ટી મંડળની મીટીગ અને કોરમ</u> :–**

ટ્રસ્ટી મંડળની મીટીગ વર્ષમાં ઓછામાં ઓછી એકવાર મળશે. જેને સામાન્ય મીટીગ કહેવાશે. આવી મીટીગની નોટીસ ટ્રસ્ટીઓને ૧૦ દિવસ અગાઉ આપવામાં આવશે જયારે યોગ્ય લાગે ત્યારે ખાસ વધારાની ટ્રસ્ટીમંડળની મીટીગ બોલાવી શકાશે. અને આવી મીટીગને ખાસ સામાન્ય મીટીગ કહેવામાં આવશે. ટ્રસ્ટીઓને પાંચ દિવસ અગાઉ નોટીસ આપવાની રહેશે. આ નોટીસમાં મીટીગનુ સ્થળ, સમય અને તારીખ અને સુચિત કાર્યો લખવાના રહેશે. મીટીગનુ કોરમ ટ્રસ્ટીઓની કુલ સંખ્યાના ૨/૩ ભાગના ટ્રસ્ટીઓની હાજરીથી પુરુ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીગ તેજ દિવસે એક કલાક પછી ફરીથી મળશે. અને આવી મીટીગને કોરમનો બાધ આવશે નહી.

N.K. Trivedi

**૧૦. આવકના સાધનો :–**

દાન, ભેટ, ફંડ, ફાળો, સરકારી સહાય, ગ્રાન્ટ, અનુદાન, ભાડુ, ચેરીટી શો યોજીને વગેરે.

**૧૧. ઠરાવો અને ઠરાવબુક :–**

ટ્રસ્ટી મંડળની મીટીગમાં થયેલા ઠરાવો બહુમતીથી પસાર કરશે. અને તેને ઠરાવબુકમાં લખવામાં આવશે. જેની નીચે પ્રમુખ અને હાજર રહેલા ટ્રસ્ટીઓની સહી કરવાની રહેશે. અસામાન્ય સંજોગોમાં ઠરાવ સરકયુલર ફેરવીને પણ કરી શકાશે.

**૧૨. હિસાબી વર્ષ:–**

૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ આખરનું રહેશે.

**૧૩. બેન્ક એકાઉન્ટ :–**

ટ્રસ્ટના નાણાંનુ રોકાણ ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ–૧૯૫૦ની કલમની જોગવાઈને આધીન રહીને કરવાનુ રહેશે. બેન્કનુ ખાતુ પ્રમુખ, મંત્રી અને અન્ય એક ટ્રસ્ટી/ હોદ્દેદાર ની સંયુકત સહીથી ખોલાવવામાં આવશે અને કોઈપણ બે વ્યકિતની સહીથી બેંક એકાઉન્ટ ઓપરેટ કરી શકાશે જેમાં પ્રમુખની સહી ફરજીયાત રહેશે.

**૧૪. ટ્રસ્ટ બંધ કરવા બાબત :–**

આ ટ્રસ્ટ કોઈપણ કારણસર બંધ કરવામાં આવે તો આ ટ્રસ્ટનુ દેવુ, લેણુ, ખર્ચ, બાકી રકમ વગેરે બાદ કરતા જે કાંઈ સ્થાવર કે જંગમ મિલ્કત બાકી રહે તો તે ટ્રસ્ટીઓ સર્વાનુમતે ઠરાવ કરી કાયદાને આધીન રહી આવા હેતુસર ચાલતી બીજી કોઈ ટ્રસ્ટને સોંપીને મંડળ બંધ કરી શકશે.

**૧૫. ટ્રસ્ટડીડમાં ફેરફાર કરવા અંગે :–**

આ ટ્રસ્ટની કોઈપણ કલમમાં ફેરફાર કરવાનો, સુધારો–વધારો કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે કાયદાને આધીન રહીને ટ્રસ્ટીઓ સર્વાનુમતે સુધારો વધારો કરી શકશે.

આ દસ્તાવેજ પક્ષકારોએ સમજી વિચારીને અકકલહોંશીયારીથી સભાનપણે કરેલ છે. જે અમોને સર્વને કબુલ મંજુર છે.

**તારીખ :– ૧૮/૧/૨૦૧૦**
**સ્થળ :– ગાંધીનગર**

શાખ ૧. ____________

(handwritten witness name)
ગાંધીનગર

એક તરફવાળા :

શાખ ૨. ____________

(handwritten witness name)
ગાંધીનગર

૧ ____________
૨ ____________
૩ N.K. Trivedi
૪ ____________
૫ B.L. Rajput

બીજી તરફવાળા

ઓરીજનલ

સ. મુ. ભા.-(વાય)-૧૭૩-૫૦x૫૦-૧૫૦૦ બુક-૧-૦૭.-(૬)

[ સ્પે. સી. સી. બી. પી. ટી. ૭૩ જી.

056286

## પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડમાં નાણા ભર્યાની પહોંચ

સ્થળ ગાંધીનગર એં નંબર તા. ૧૫/૬/૨૦૨૦

શ્રી કૃષ્ણ કેળવણી ટ્રસ્ટ

પાસેથી ફાળો, નોંધણી ફી, ~~નકલ ફી, પ્રોસેસ ફી~~,

ખાતે રૂા. ૨૦/- અંકે રૂપિયા વીસ પુરા / પુરા

રોકડ/~~ચેક/ડ્રાફટથી~~ મળ્યા છે. રોકડા

માંગણી નોટીસ નંબર ______ વર્ષ ______

કેશિયર ______ સહી ______

એકાઉન્ટન્ટ ______ હોદ્દો ______

હિસાબનીશ
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
ગાંધીનગર પ્રદેશ, ગાંધીનગર

નાયબ ચેરીટી કમિશનર, ગાંધીનગર પ્રદેશ